ટ્રાફીકના નિયમોનો સરેઆમ ભંગ કરનાર પી.આઈ. સામે ઈન્કવાયરી

ડીએસપીએ તપાસના આદેશ ડીવાયએસપીને આપ્યા

ગાંધીનગર, તા.૧૮

દરરોજ હજારોનો દંડ વાહનચાલકો પાસે ટ્રાફીકના નિયમો બતાવીને વસુલ કરનાર ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય.એમ. મિશ્રાની ફોકસવેગન ગાડીમાં જ ડાર્ક ફિલ્મ લાગેલી અને નંબર પ્લેટ નહીં લાગેલી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. ટ્રાફીકના નિયમોનો સરેઆમ બિન્દાસ્તપણે ભંગ કરનાર શહેરના માર્ગો પર ફરતા પી.આઈ. સામે ગાંધીનગર ડીએસપીએ ઈન્કવાયરી શરુ કરી છે. સમગ્ર મામલા અંગે ડીવાયએસપીને તપાસના આદેશ જારી કર્યા છે.

જાળવણીના અભાવે 'ખ' માર્ગ આસપાસના રોપાઓ મરણ પથારીએ

બિલી, બહેડા અને વડ સહીતના રોપાઓને પાણી મળતુ નથી : વૃક્ષપ્રેમીઓમાં પણ આક્રોષ

ગાંધીનગર, તા. ૧૮

વિકાસના અનેકવિધ કામો વચ્ચે ઠેર-ઠેર હરિયાળા વૃક્ષોનું નિકંદન વળી રહ્યું છે. સિમેન્ટ-કોકીંટનું અસ્તિત્વ મજબૂત બનતા કુમળા વૃક્ષોનો ડગલે ને પગલે ભોગ લેવાઈ રહ્યો છે. ગ્રીનસીટીની આગવી ઓળખ ઉપરાંત પર્યાવરણ સામે પણ ખતરો મંડરાયો છે. આવા સંજોગોમાં જાળવણીના અભાવે પણ રોપાઓનું બાળમરણ થતા પ્રકૃતિપ્રેમીઓમાં પણ ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. નગરના 'ખ' માર્ગ આસપાસ વૃક્ષના રોપાઓ પાણીના અભાવે સુકાઈ રહ્યા છે. બિલી, બહેડો, વડ જેવા વૃક્ષોના રોપાઓની જાળવણી થતી નથી.

વિકાસના નવા આયામોના પગલે હાઈટેક બનતા ગાંધીનગરની ગ્રીનસીટીની ઓળખ સામે ખતરો મંડરાયો છે. રોડ રસ્તા અને બિલ્ડીંગોના અસ્તિત્વની સાથે વિકાસની નવી યોજનાઓના લીધે વૃક્ષછેદનની પ્રવૃત્તિ વધી છે. જેના લીધે શહેરી વિસ્તારમાં વૃક્ષોના અસ્તિત્વ અંગે પણ ચિંતા પ્રવર્તી છે. રખડતા ઢોર નાગરિકોની જાગૃતતાના અભાવે પણ નવા રોપાઓનો યોગ્ય ઉછેર થઈ શક્યો નથી.બીજી તરફ મેનપાવરના અભાવ વચ્ચે કાર્યરત વનવિભાગ પણ વૃક્ષોની જાળવણીના મામલે બેધ્યાન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. નગરના 'ખ' માર્ગ આસપાસ સ્થિત વૃક્ષોના રોપાઓ પણ પુરતુ પાણી ન મળતા મરણપથારીએ છે. રોપાઓના વાવેતર બાદ જરૂરી માવજત ન લેવાતા બિલી, બહેડા, કણજી અને વડના રોપાઓ સુકાઈ રહ્યા છે. વૃક્ષોની આ હાલત જોઈ પ્રકૃતિપ્રેમીઓમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. વનતંત્ર દ્વારા તેની દરકાર લેવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. ખ-૬ થી ખ-૭ વચ્ચેના રૂટમાં રોપાઓ દયનીય હાલતમાં છે.

આજે રાયસણ ખાતે સાંસદોની ઉપસ્થિતિમાં વર્કશોપ

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્ર સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અમલી 'સાંસદ આદર્શ ગ્રામ યોજના'નો પહેલીવાર ગુજરાતમાં અમલ થઈ રહ્યો છે. જે માટે આજે તા. ૧૯મી નવેમ્બર ૨૦૧૪ના રોજ રાયસણ ખાતે વર્કશોપનું આયોજન કરાયું છે.

દેશના વડાપ્રધાશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગામડાઓના સુગ્રથીત વિકાસ માટે અમલી બનાવેલ સાંસદ આદર્શ ગ્રામ યોજનાના વિસ્તૃત માર્ગદર્શન માટે આ વર્કશોપનું આયોજન કરાયું છે. ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, રાયસણ ખાતે બપોરના ૧૨-૦૦ કલાકે યોજાનાર આ વર્કશોપમાં રાજયના સંસદ સભ્યો તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

નગરની આબરૂના ધજાગરા કરતુ ઘ-૬નું એસ.ટી. કન્ટ્રોલનું કટાયેલું કેબિન

સતત બંધ રહેતુ આ કેબીન બિન ઉપયોગી, મુસાફરો એસ.ટી. બસના સમય બાબતે અવઢવમાં

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાંથી ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં જવા આવવા શ્રેષ્ઠ શહેરી અને ગ્રામ્ય બસ વ્યવસ્થા ઉપલબ્ધ છે. શહેરમાં બસ સ્ટોપેજ પણ ઠેકઠેકાણે બનાવાયા છે. જેનાથી મુસાફરોને મુસાફરી સરળ બની રહે છે. પરંતુ નગરના હાર્ટ સમા ઘ-૬ એ ઉભા કરાયેલા એસ.ટી. કન્ટ્રોલના કાટ ખાઈ ગયેલા કેબીને નગરની આબરૂના ધજાગરા કર્યા છે. સમય અને બસની પૂછપરછ માટે આ કન્ટ્રોલ કેબિનમાં કોઈ હાજર જ ન હોવાથી સતત બંધ રહેલુ આ કેબિન બિન ઉપયોગી બની ગયું છે. નગરની આન-બાન અને શાન માટે અદ્યતન

● અનુસંધાન પાન-૭

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

તિરંગાનું અપમાન...!

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ જર્મી દ્વારા સોલાર પ્લાન્ટમાં કામ કરતા કામદારોને શિક્ષણ તથા તાલીમ આપતા વર્ગને પ્રશિક્ષિત કરવાના ઉમદા આશય સાથે રાયસણ માં સ્થિત પીડીપીયુમાં ગત રોજ 'ટ્રેઈન ધ ટ્રેઈનર' વર્કશોપ અમેરિકાની એરીઝોના યુનિવર્સિટીના સહયોગથી શરુ કરવામાં આવ્યો. સોમવારે આ વર્કશોપનું ઉદઘાટન જર્મીના ડાયરેકટર બી.એ. વાઘેલાએ કર્યુ હતું. કાર્યક્રમમાં મંચ પર ભારત અને અમેરિકાના પ્રતિનિધિઓ હાજર હતા જયાં બંને રાષ્ટ્રોના રાષ્ટ્રધ્વજ પણ ફરકાવવામાં આવ્યા હતા. જેમાં ભારત દેશની શાન તિરંગાને જ ઊંધો દર્શાવવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના બાબતે ઉપસ્થિત તમામ અધિકારીઓ-કર્મચારીઓ અજાણ હતા ત્યારે સમાચાર માધ્યમના ફોટોગ્રાફરના કેમેરામાં આ તસવીર કેદ થઈ ગઈ હતી.

જર્મીના કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજને ઉલ્ટો ફરકાવવામાં આવ્યો લીલા રંગને ઉપર અને કેસરી રંગને નીચે દર્શાવવામાં આવ્યો

(તસવીર : દર્શન મારૂ)

આર.ટી.ઓ.માં લાયસન્સ મેળવવા અરજદારોનો ધસારો

છેલ્લા ત્રણ ચાર દિવસથી અરજદારોની સંખ્યામાં ત્રણ ગણો વધારો

ગાંધીનગર, તા.૧૮

ટ્રાફિક અવેરનેસ ઝુંબેશ અન્વયે પોલીસતંત્ર દ્વરા નિયમોના ભંગ બદલ વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવી રહી છે. જયારે ટ્રાફિક અવેરનેસ ઝુંબેશના પગલે આર.ટી.ઓમાં લર્નિંગ લાયસન્સ મેળવવા માટે પણ અજદારોની ભીડ જામી છે છેલ્લા ૩-૪ દિવસથી લાયસન્સ માટેના અરજદારોની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. રોજ ૪૦૦ જેટલા વાહનચાલકો લાયસન્સની કાર્યવાહી માટે આર.ટી.ઓ. કચેરીમાં આવે છે.

સમગ્ર રાજયમાં ટ્રાફિક એજયુકેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પણ ટ્રાફિક નિયમનના ભંગ બદલ પોલીસ દ્વારા વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવે છે. લાયસન્સ, હેલ્મેટ, સીટબેલ્ટ, ડાર્ક ફીલ્મ, ફેન્સી નંબર પ્લેટ સહીતની બાબતે ટ્રાફિક પોલીસ વાહનચાલકોને ઉભા રાખી દંડ વસુલી કરે છે. જેના પરિણામે વાહનચાલકોમાં પણ ટ્રાફિક નિયમન અંગે જાગૃતિ કેળવાઈ છે. આર.ટી.ઓ. કચેરીમાં સામાન્ય રીતે સરેરાશ લર્નિંગ લાયસન્સ માટે ૧૦૦ અરજદારો અરજી કરે છે. પરંતુ ટ્રાફિક અવેરનેસ ઝુંબેશના પગલે આર.ટી.ઓ. કચેરીમાં પણ ધસારો જોવા મળી રહ્યો છે. લાયસન્સ માટે વાહનચાલકોની ભીડ જોવા મળે છે. રોજ બરોજ લાયસન્સ મેળવવા માટે ૪૦૦ જેટલા લાસન્સ ઈસ્યુ કરવામાં આવતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

ટ્રાફીક અવેરનેસ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com